રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં સફાઈ કામદારો મારફતે ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ-અકસ્માત રોકવા પ્રસિદ્ધ કરવામાં આવેલ માર્ગદર્શક સૂચનાઓના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
ક્રમાંક: UDUHD/MSM/e-file/18/2025/2163/R Section
બ્લોક નં.૧૪/૯, સચિવાલય, ગાંધીનગર

<u>વંચાણે લીધા:</u>

(૧) ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩.

(૨) ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રુલ્સ-૨૦૧૩.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૬/૧૨/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક: ઈએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૧૦/૦૫/૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક: ઈએસટી/૧૩૨૦૦૧/૩૫૮૪/આર.

(૫) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૦૬/૦૯/૨૦૨૩નો પરિપત્ર ક્રમાંક: UDUHD/MSM/e-file/18/2023/3787/R Section.

( ૬) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૨/૦૪/૨૦૨૦૨૪નો પરિપત્ર ક્રમાંક: UDUHD/MSM/e-file/18/2023/2387/R Section.

(૭) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૮/૦૪/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક: એમએસડબ્લ્યુ/૧૨૨૦૨૦/સી.ફા-૯/આર.

(૮) રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગની તા.૨૪/૦૯/૨૦૨૧ની મેન્યુઅલ સ્કેવેન્જીંગ કે જોખમી સફાઈમાં રોકાયેલા વ્યક્તિઓના માનવ અધિકારોના રક્ષણ માટેની માર્ગદર્શિકા.

(૯) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો તા.૨૯/૦૪/૨૦૨૩ નો પત્ર ક્રમાંક: UDUHD/0934/04/2023.

(૧૦) ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના તારીખ:૧૨/૦૭/૨૦૧૯ પત્ર ક્રમાંક:ઝેડ-૧૬૦૨૫/૩/૨૦૧૮-સીપીએચઇઇઓ સાથેની મંત્રાલયની ગટર અને સેપ્ટીક ટેંક સફાઇ માટેના પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયા (Standard Operating Procedure (SOP)) ની માર્ગદર્શક સુચનાઓ.

(૧૧) ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના તારીખ:૧૪/૦૨/૨૦૨૦ પત્ર ક્રમાંક:૧૪/૧૨/૨૦૧૭-એસબીએમ-૧ અને તે હેઠળની સુચનાઓ.

(૧૨) રીટ પીટીશન (સીવિલ) ક્રમાંક: ૩૨૪/૨૦૨૦ Dr. Balram Singh V/S Union of India and Ors. સંદર્ભમાં નામ. સુપ્રિમકોર્ટનો તા.૨૦.૧૦.૨૦૨૩ નો ચૂકાદો.

<u>પરિપત્ર:</u>

ભારત સરકાર દ્વારા મેન્યુઅલ સ્કેવેન્જર્સની પ્રથા નાબૂદ કરવા સંદર્ભે "ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યઅલ

સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩" તા૧૯/૦૯/૨૦૧૩ થી અને તે હેઠળના "ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન રુલ્સ-૨૦૧૩" તા.૧૨/૧૨/૨૦૧૩ થી સમગ્ર દેશમાં અમલમાં મૂકવામાં આવેલ છે. ઉક્ત અધિનિયમ અને નિયમોની જોગવાઈઓ મુજબ તમામ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ / શહેરી વિકાસ સત્તા મંડળ વિસ્તારમાં ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી માટે સફાઈ કામદાર/વ્યક્તિને ભૂગર્ભ ગટરમાં ઉતારવા માટે મનાઈ ફરમાવવામાં આવેલ છે. વધુમાં, ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) થી (૭) પરના ઠરાવો/પરિપત્રોથી ગુજરાત રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/ સત્તામંડળોમાં મેન્યુઅલ સ્કેવેંજીંગ પર પ્રતિબંધ મુકતી સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે તેમ છતાં મેન્યુઅલ સ્કેવેન્જીંગ કે જોખમી સફાઈમાં રોકાયેલા વ્યક્તિઓના મૃત્યુની ઘટનાઓના કેસ સમયાંતરે જોવા મળેલ છે. તાજેતરમાં જ પાટડી નગરપાલિકા ખાતે ભૂર્ગભ ગટર પંપીંગ સ્ટેશનની સફાઈ દરમિયાન બે સફાઈ કામદારોના મૃત્યુની ઘટના તથા અમદાવાદ મહાનગરપાલિકા વિસ્તારમાં ગટર લાઈનમાં કામ કરતી વખતે એક સફાઈ કામદારની મૃત્યુની ઘટના બનેલ છે. જે ખુબ જ ગંભીર બાબત છે.

તા.૨૮/૦૩/૨૦૨૫ના રોજ આ વિભાગ ખાતે આયોજીત મહાનગરપાલિકાઓની અઠવાડીક સમિક્ષા બેઠકમાં તમામ મહાનગરપાલિકાઓના મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ તથા તમામ ઝોનના પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓને રાજ્યની નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓમાં મેન્યુઅલ સ્કેવેન્જીંગ પર પ્રતિબંધ મુકવા સબંધે ઉપર્યુક્ત વંચાણે લીધેલા ક્રમ (૩) થી (૭) પરના ઠરાવો/પરિપત્રોથી પરિપત્રિત કરવામાં આવેલ સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવેલ.

ઉપર્યુક્ત વિગતે, રાજ્યની નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં સફાઈ કામદારો મારફતે ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પર પ્રતિબંધ મુકવા અને સફાઈ કામદારોના અપમૃત્યુ-અકસ્માત રોકવા આ વિભાગ દ્વારા બહાર પડાયેલ ઉપર વંચાણે લીધેલ તમામ પરિપત્ર/ઠરાવો થી અપાયેલ જરૂરી માર્ગદર્શક સૂચનાઓનો ચુસ્ત રીતે અમલ થાય તેવી કાળજી લેવા જણાવવામાં આવે છે. આ બાબતે નીચે મુજબની મુખ્ય સુચનાઓ પુન: પરિપત્રિત કરવામાં આવે છે.

(૧) રાજયમાં આવેલ તમામ મહાનગરપાલિકા/નગરપાલિકાઓના હદમાં આવેલ તથા સંચાલિત ભૂગર્ભગટરોની સફાઈની કામગીરી માટે માણસ(કામદાર) ને ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપૂર્ણપણે મનાઈ ફરમાવવામાં આવે છે. આ પ્રકારે ભૂગર્ભ ગટરમાં ઉતરવું કે કોઈને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવે છે. આ તમામ સંસ્થાઓએ ભૂગર્ભ ગટરની તેમજ ખાળકૂવાની સફાઈની કામગીરી માટે યાંત્રિક સાધનોનો જ ફરજિયાતપણે ઉપયોગ કરવા તેમજ પોતાના બાંધકામના નિયમોમાં આ અંગે જરૂરી સુધારો કરવા સંબંધિત સર્વેને આથી જણાવવામાં આવે છે. ઉકત સૂચનાઓનું ચુસ્તપણે અમલીકરણ થાય તે જોવાની અંગત જવાબદારી સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફીસરશ્રીની રહેશે.

(૨) ડ્રેનેજ સફાઈ વખતે નીચે મુજબના સાધનો ફરિજયાતપણે ઉપલબ્ધ રાખવાની જોગવાઈ કોન્ટ્રાકટના દસ્તાવેજમાં કરવી અને તેનો ચુસ્તપણે અમલ થાય તે સુનિશ્ચિત કરવું.

(1) જેટીંગ મશીન અને ગલી એમ્પ્ટીયર (ડ્રેનેજ લાઈન અને મેનહોલના સ્પેસીફીકેશન મુજબ)

(2) સળીયા (૯૦ નંગ), વાંકિયું (૩ નંગ), પાટા, જરૂરી પાનાનો સેટ

(3) મોટી ટોર્ચ

(4) ઓકિસજન માસ્ક સિલિન્ડર સાથે (૨ નંગ)

(5) ગ્રેબ બકેટ (મેન્યુઅલ) (૪ નંગ)

(6) હાઈડ્રોલિક ગ્રેબ બકેટ પેડલ રિક્ષા સાથે (૨ નંગ)

(7) ૫ એચ.પી. ફાઈટર (૩ નંગ)

(8) કપૂરની ગોટી, સાબુ

(9) સીલ્ટ ઉપાડીને લઈ જવાની રીક્ષા/ટ્રેક્ટર/ડમ્પર

(10) લીટમસ પેપર

(11) મહાનગરપાલિકા/નગરપાલિકા જેને જરૂરી લાગતાં હોય તેવા અન્ય જરૂરિયાતના યાંત્રિક સાધનો/વસ્તુઓ.

(૩) યાંત્રિક સાધનો દ્વારા ભુગર્ભ ગટરની સફાઈ માટે ફરજિયાતપણે ટ્રેઈન્ડ લેબરનો આગ્રહ રાખવો અને તેનું ચુસ્તપણે પાલન કરાવવું.

(૪) યાંત્રિક સાધનો વડે સફાઈ કરનાર કર્મચારીઓને સેફટી માટેના તમામ સાધનો પૂરા પાડવાનું ધોરણ ફરજિયાત બનાવવું.

(૫) અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજ સફાઈ કામગીરી વખતે મહાનગરપાલિકા/નગરપાલિકાના જવાબદાર અધિકારી, સુપરવાઈઝર સતત હાજર રહે તેવી તકેદારી રાખવી. તમામ નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ/સત્તામંડળોએ ડ્રેનેજ સફાઇ માટેના યાંત્રિક સાધનોનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરવા બાબતે સમજ આપવા માટેના તાલીમ કાર્યક્રમો રાખવાના રહેશે.

(૬) મહાનગરપાલિકા/નગરપાલિકા મેનહોલ સફાઈ કામદારોને યાંત્રિક સાધનોનો વૈજ્ઞાનિક ઢબે ઉપયોગ કરવા બાબતે સમજ આપવા માટેના તાલીમ કાર્યક્રમો રાખવા.

(૭) અંડર ગ્રાઉન્ડ ડ્રેનેજમાંથી જે સીલ્ટ (કાદવ) બહાર કાઢવામાં આવે તેને રોડ ઉપર મૂકી રાખવાને બદલે સીધો જ ક્રેટમાં કાઢવામાં આવે અને કાર્ટિંગ સાઈટ પર લઈ જવામાં આવે તેવી સૂચના આપવી અને તેનો ચુસ્તપણે અમલ કરાવવો

(૮) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ (૩) પરના તા.૧૬.૧૨.૨૦૧૬ના ઠરાવની જોગવાઈઓ મુજબ, ચોમાસુ પૂર્ણ થાય કે તરત જ તેના ત્રણ માસ (ઓક્ટોબર/નવેમ્બર/ડીસેમ્બર) માં ભૂગર્ભ ગટરોની ડીસિલ્ટીંગની કામગીરી પૂર્ણ કરવાની રહે છે. સાથોસાથ ચોમાસુ શરૂ થાય તે પહેલા પણ આ કામગીરી અચૂકપણે પૂર્ણ કરીને તે અંગેનું પ્રમાણપત્ર સંબધિત પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓને મોકલી આપવાનું રહેશે.

(૯) ઉક્ત તા.૧૬.૧૨.૨૦૧૬ ના ઠરાવના ફકરા ક્રમાંક: ૧૦ મુજબ મેન હોલ ભરાય ન જાય અને ડ્રેનેજ લાઇન ચોક અપ ન થાય તે માટેના પગલા લેવા અંગેની વિસ્તૃત માર્ગદર્શક સૂચનાઓ આપવામાં આવેલ છે. તેમાં ભુગર્ભ ગટરની સફાઈની કામગીરી માટેના સાધનો વસાવવા માટેની સૂચનાઓ આમેજ કરવામાં આવેલ છે. તમામ મહાનગરપાલિકાઓ/સત્તામંડળોએ ભૂગર્ભ ગટરની સફાઈ માટેના ઉપલબ્ધ સાધનોની નોડલ અધિકારી મારફત ભૌતિક ચકાસણી કરાવીને તેની યાદી આ વિભાગને અને નગરપાલિકાના કિસ્સામાં આવી યાદી દિન-૨૧ માં સંબંધિત પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓને મોકલી આપવાની રહેશે.

(૧૦) ભારત સરકાર દ્વારા પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ, ૨૦૧૬ અમલમાં મુકવામાં આવેલ છે. અનુભવે એવુ જણાયેલ છે કે, પ્લાસ્ટીક વેસ્ટના કારણે ભૂગર્ભ ગટરો ચોક અપ થઈ જવાના બનાવો બનવા પામે છે. જેથી આવી પરિસ્થિતિનું નિર્માણ થતુ અટકાવવા માટે ઉક્ત નિયમોની જોગવાઈનું ચુસ્ત પણે પાલન કરવા સંબધિત સર્વેને આથી જણાવવામાં આવે છે.

(૧૧) ભૂગર્ભ ગટરોની સફાઈની કામગીરી કરતાં સફાઈ કામદારોની મૃત્યુની ઘટનાને ટાળવા માટે વિભાગના તા.૨૮/૦૪/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક: એમએસડબ્લ્યુ/૧૨૨૦૨૦/સી.ફા-૯/આર મુજબ નગરપાલિકા વિસ્તારમાં Emergency Response Sanitation Unit (ERSU)ની રચના કરવાની રહેશે. નગરપાલિકા વિસ્તારમાં ERSU ની રચના કરવા માટે કમિશનરશ્રી, મ્યુનિસિપલ એડમિનીસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર ને અધિકૃત કરવામાં આવેલ છે.

(૧૨) Emergency Response Sanitation Unit (ERSU)ના સંચાલન અને કામગીરી માટે ભારત સરકારના આવાસ અને શહેરી બાબતોના મંત્રાલયના તા.૧૨/૦૭/૨૦૧૯ના પત્ર ક્રમાંક: ઝેડ-૧૬૦૨૫/3/૨૦૧૮-સીપીએચઈઈઓ સાથેની મંત્રાલયની ગટર અને સેપ્ટીક ટેંક સફાઈ માટેના પ્રમાણભૂત સંચાલન પ્રક્રિયા (Standard Operating Procedure (SOP)) ની માર્ગદર્શક સૂચનાઓ તથા તા.૧૪/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક: ૧૪/૧૨/૨૦૧૭-એસબીએમ-૧ અને તે હેઠળની સૂચનાઓને ધ્યાને લેવાની રહેશે.

(૧૩) "ધી પ્રોહિબિશન ઓફ એમ્પ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩" હેઠળની સૂચનાઓનું

ચુસ્તપણે અમલીકરણ થાય તે જોવાની અંગત જવાબદારી સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી/ચીફ ઓફિસરશ્રીની રહેશે.

(૧૪) તમામ મહાનગરપાલિકા/ સત્તામંડળો / નગરપાલિકાઓએ તેમના સંબધિત વિસ્તારમાં ભૂગર્ભગટરની સફાઈની કામગીરી ઉપરાંત સફાઈ કામદાર/વ્યક્તિને ભૂગર્ભ ગટરમાં ઉતારવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે મહાનગરપાલિકા / સત્તામંડળોએ વર્ગ-૨ થી નીચેના નહી તેવા અધિકારીની અને નગરપાલિકાના કિસ્સામાં ચીફ ઓફીસર ની નોડલ અધિકારી તરીકે નિમણૂક કરવાની રહેશે તેમજ તેની જાણ અત્રે કરવાની રહેશે.

(૧૫) નોડલ અધિકારી તરીકે નિમાયેલ અધિકારીએ તેમના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી ઉક્ત જોગવાઈ અનુસાર થાય તેની દેખરેખ અને કાળજી લેવા માટે આ કામગીરી સાથે સંકળાયેલ તેમની કચેરીના અધિકારી/કર્મચારીને અધિકૃત કરવાના રહેશે. વધુમાં, અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારીની ફરજ પરની ગેરહાજરી દરમિયાન આ કામગીરીની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૧૬) મહાનગરપાલિકા/ સત્તામંડળો/નગરપાલિકાના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી જો આઉટ સોર્સીંગથી કરવામાં આવતી હોય તો, તે માટે નક્કી કરેલ એજન્સીને બીલનુ ચુકવણુ કરતા પહેલા ઉપરોક્ત અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારીની ઉપસ્થિતિમાં આવશ્યક સાવચેતીના પગલા લઈને નિયમોનુસાર ભૂગર્ભ ગટરની સફાઇની કામગીરી થયેલ છે તે મુજબ અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારી મારફત પ્રમાણિત કરાવવાનું રહેશે.

(૧૭) "The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Act, 2013" અને તે હેઠળના " The Prohibition of Employment as Manual Scavengers and their Rehabilitation Rules, 2013" ની જોગવાઇ મુજબ મહાનગરપાલિકા/ સત્તામંડળો/નગરપાલિકાના વિસ્તારમાં ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી માટે સફાઇ કામદારની ભૂગર્ભ ગટરમાં ઉતરવા/ઉતારવાની સંપુર્ણપણે મનાઇ ફરવામાં આવેલ છે. અને આ પ્રકારે ભૂગર્ભ ગટરમાં ઉતરવું કે કોઈને ઉતારવા માટે ફરજ પાડવાને ગેરકાયદેસર કૃત્ય ગણવામાં આવે છે. આથી આ સૂચનાઓનું ઉલ્લંઘન થયેથી મહાનગરપાલિકા/ સત્તામંડળો/નગરપાલિકાના આ હેતુસર અધિકૃત કરાયેલ અધિકારી/કર્મચારી અને નોડલ ઓફીસર તેમજ જો આવી સેવાઓ આઉટ સોર્સિંગથી લેવાયેલ હશે તેવા કેસમાં ઉક્ત અધિકારીઓ/કર્મચારીઓ ઉપરાંત, સંબધિત કોન્ટ્રાક્ટર સામે ફોજદારી રાહે પગલાં લેવાના રહેશે.

(૧૮) ગટર સફાઈ દરમિયાન થતા મૃત્યુ તથા દિવ્યાંગતાના કિસ્સામાં જે વ્યક્તિ/સંસ્થા/સોસાયટી/કોન્ટ્રાક્ટર દ્વારા સફાઈ કામદારોને ગટર સફાઈ માટે રોકવામાં આવેલ હોય તે જવાબદાર વ્યક્તિ/સંસ્થા/સોસાયટી/કોન્ટ્રાક્ટર દ્વારા ઉકત વળતરનું ચુકવણુ કરવાનું રહેશે. વધુમાં વ્યક્તિ સંસ્થા સોસાયટી કોન્ટ્રાક્ટર વિરુધ્ધ કાનૂની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૯) વર્ષ ૧૯૯૩ થી ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલ સફાઈ કામદારોના મૃત્યુના કેસમાં સફાઈ કામદારોના વારસદારોને રૂ. ૧૦.૦૦ લાખનું વળતર ચુકવવા આદેશ આપવામાં આવેલ છે, જેમાં નામ. સુપ્રિમ કોર્ટના વંચાણે લીધેલા ક્રમ (૧૨) પરના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદા મુજબ વધારો કરીને રૂ. ૩૦.૦૦ લાખ કરવામાં આવે છે. જે મૃતકોના વારસદારોને રૂ. ૧૦.૦૦ લાખ ચુકવણુ કરવાનુ બાકી હોય તેવા તમામ વારસદારોને રૂ.૩૦.૦૦ લાખનું ચુકવણુ કરવાનું રહેશે.

(૨૦) ગટર સફાઈ દરમિયાન ઉદ્ભવતી દિવ્યાંગતાના કિસ્સામાં દિવ્યાગતા અનુસાર ન્યુનતમ ૧૦.૦૦ લાખનું વળતર તથા કાયમી દિવ્યાંગતાના કિસ્સામાં ન્યુનતમ રૂ. ૨૦.૦૦ લાખનું વળતરનું ચુકવણું કરવાનું રહેશે.

(૨૧) જો સફાઈ કામનો કોન્ટ્રાકટ સ્થાનિક સંસ્થા દ્વારા કોઈ એજન્સી કે કોન્ટ્રાકટરને આપવામાં આવેલ હોય તો સંબંધિત કોન્ટ્રાકટર દ્વારા રૂ.૩૦.૦૦ લાખનો વીમો સફાઈ કર્મચારી દીઠ લેવો ફરજિયાત છે તેવી જોગવાઈ આવા કોન્ટ્રાકટમાં અચૂક કરવાની રહેશે.

તમામ નગરપાલિકાઓ/મહાનગરપાલિકાઓ/સત્તામંડળોએ ગટરોની સફાઈની કામગીરી સાથે સંકળાયેલ સફાઇ કામદારોનો રૂ.૩૦.૦૦ લાખના ફરજિયાત વીમાની જોગવાઈ કરવાની રહેશે. અને જો વીમો લીધેલ ન હોય તો ગટર સફાઈની કામગીરી સાથે સંકળાયેલ સફાઇ કામદારોનું કામગીરી દરમિયાન મૃત્યુ થાય તો રૂ.૩૦.૦૦ લાખનું વળતર મહાનગરપાલિકા/નગરપાલિકાના

સ્વભંડોળમાંથી ચૂકવવાનું રહેશે.

(૨૨) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ ધ્વારા કામદારોની મંડળીને તેઓ સ્વતંત્ર ધંધો કરી શકે તે માટે આર્થિક સહાય અને લોન આપવામાં આવે છે. આવી સફાઈ કામદારોની મંડળી દરેક મહાનગરપાલિકા/નગરપાલિકામાં બનાવવા વિચારવું અને આવી મંડળીઓ બનાવી, રજિસ્ટર્ડ કરાવી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમને દરખાસ્ત મોકલવી, જેથી નિગમ આવી મંડળીઓ ડ્રેનેજ સફાઈમાં યાંત્રિક સાધનો ખરીદવા માટે સહાય અને લોન આપી શકે. મહાનગરપાલિકા/નગરપાલિકા આવી મંડળીને કામ આપી શકે, જેનાથી આવા સફાઈ કામદારો અસ્વચ્છ ધંધામાંથી બહાર આવે અને પોતાના જીવનનિર્વાહ માટે જરૂરી રોજી મેળવી શકે.

(૨૩) ગટર સફાઈ દરમિયાન થતા મૃત્યુના કિસ્સામાં મૃત્યુ પામેલ સફાઈ કામદારના સંબંધમાં સંપૂર્ણ પુનર્વસન (જેમાં નજીકના સંબંધીઓને રોજગાર, વોર્ડને શિક્ષણ અને કૌશલ્ય તાલીમ સહિત) પગલાં લેવાના રહેશે.

(૨૪) પ્રોહીબીશન ઓફ એમપ્લોયમેન્ટ એઝ મેન્યુઅલ સ્કેવેન્જર્સ એન્ડ ધેર રીહેબીલીટેશન એક્ટ-૨૦૧૩ તથા નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદા અંગે ખાનગી વ્યક્તિઓ/ ખાનગી સંસ્થાઓ સોસાયટીઓ કોન્ટ્રાક્ટરો દ્વારા ગટર સફાઈ માટે રોકાયેલા કામદારના મૃત્યુના કિસ્સા બનતા અટકે તે માટે મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/સત્તામંડળોએ જાગૃતતા વધારવા માટેના પ્રયત્નો કરવાના રહેશે.

(૨૫) દરેક મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/સત્તામંડળોએ 'ખાનગી વ્યક્તિઓ / ખાનગી સંસ્થાઓ/ ખાનગી સોસાયટીઓ/કોન્ટ્રાક્ટરો દ્વારા ભૂગર્ભ ગટરમાં ઉતરવુ કે કોઈને ઉતરવા માટે ફરજ પાડવી નહી તેમજ આવા ગેરકાયદેસર કૃત્ય માટે જવાબદારો સામે ફોજદારી ગુનો દાખલ કરવામાં આવશે' તે પ્રકારની જાહેરાત દર્શાવતા હોર્ડીંગ/ જાહેરાત તેઓની કચેરી આગળ જાહેર જનતાને દેખાય તે રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

(૨૬) મહાનગરપાલિકાઓ/નગરપાલિકાઓ/સત્તામંડળોએ ઉપર જણાવેલ બાબતે ખાનગી વ્યકતિઓ/ ખાનગી સંસ્થાઓ/ખાનગી સોસાયટીઓ/કોન્ટ્રાક્ટરોમાં કાયદાની જોગવાઈઓ, તેના ભંગ બદલની ફોજદારી કાર્યવાહી, સફાઇ કામદારો મારફતે ભૂગર્ભ ગટરની સફાઈની કામગીરી કરાવવા પરનો પ્રતિબંધ વિગેરે બાબતે જાહેર જનતામાં જનસંપર્ક અને મિડીયા સહિતના માધ્યમથી નામ. સુપ્રિમ કોર્ટના તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદા પ્રત્યે સંવેદનશીલતા તથા જાગૃતિ ફેલાવવાની કાર્યવાહી કરવાની રહેશે તેમજ આ અંગે સમયાંતરે નિયમિત સમીક્ષા કરવાની રહેશે.

(૨૭) આ પરિપત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા રાજ્યની તમામ નગરપાલિકાઓ અને તમામ મહાનગરપાલિકાઓને આથી જણાવવામાં આવે છે. આ પરિપત્રની સૂચનાઓનું ચુસ્તપણે પાલન થાય તે મુજબનો અહેવાલ દરેક મ્યુનિસિપલ કમિશ્નરશ્રીએ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને અને ચીફ ઓફિસરશ્રીએ કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનને દર ત્રણ માસે મોકલી આપવાનો રહેશે. અને કમિશ્નરશ્રી, મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનએ આ વિભાગને સમયાંતરે મોકલવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ઈ-સાઈન

(મનીષ.સી.શાહ)

નાયબ સચિવ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી ના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશનરશ્રીઓ.
- તમામ કલેક્ટરશ્રીઓ.
- સંયુક્ત સચિવશ્રી(શ.વિ.), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મિશન ડાયરેક્ટરશ્રી, સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત.
- પ્રાદેશિક કમિશનરશ્રી, નગરપાલિકાઓની કચેરી, તમામ ઝોન.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે ચીફ ઓફીસરશ્રીઓ (કમિશનરશ્રી, મ્યુનિસિપાલિટીસ એડમિનિસ્ટ્રેશન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફત).
- શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Manish C Shah
Deputy Secretary
Date: 2025.04.03
13:31:50 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign